વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો બે દિવસનો નેપાળ પ્રવાસે છે ત્યારે નેપાળના જનકપુર રોજ જાનકી મંદિરમાં પાર્થના કરી હતી.

૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ આઈ.કે.જાડેજાના અધ્યક્ષસ્થાને જળ અભિયાન અંતર્ગત સમીક્ષા બેઠક યોજાઈ

સુરતઃ સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક અધ્યક્ષ આઈ.કે.જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા વહીવટીતંત્ર અને વિવિધ વિભાગના અધિકારીઓ સાથે સુજલામ-સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

સુરત જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરતા શ્રી આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે પાણીની સંગ્રહશક્તિ વધારવા અને વધુને વધુ જળ-સંચય માટે રાજ્યભરમાં હાથ ધરેલા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમો અને જળાશયોનું ડિસીલ્ટીંગ, કેનાલોની સફાઈ કરવી, ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરાં દૂર કરવા, નદીઓને પુનઃ જીવિત કરવી, પાઈપ લાઈનોના વાલ્વમાંથી થતો પાણીનો બગાડ રોકવો જેવા કામો અવિરતપણે ચાલી રહ્યા છે. જે મુજબ સુરત જિલ્લાના ૪૫ જેટલા તળાવો/ચેકડેમો ઊંડા કરવાના કામોનો શુભારંભ થઈ ચૂક્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રી જાડેજાએ જળ અભિયાન હેઠળના કોઈ પ્રશ્નો હોય, રૂલ્સ અને રેગ્યુલેશનના કારણે અથવા મિસ કમ્યુનિકેશનના કારણે કોઈ કામમાં અવરોધ આવતો હોય તો તેનો તત્કાલ ઉકેલ લાવવાની તત્પરતા દર્શાવી

હતી.

એન.જી.ઓ. સાથે શાળાઓ, આંગણવાડી, વ્યાપારી મહામંડળો, ડાયમંડ કંપનીઓ, ચેમ્બર ઓફ કોમર્સ, તેમજ શૈક્ષણિક સંસ્થાઓને સામેલ કરી જળ અભિયાનની ઝુંબેશને વધુ વેગવંતી બનાવવાનો તેમણે અનુરોધ કર્યો હતો. જળ અભિયાનમાં જળસ્રોતોના કાર્યક્ષેત્રમાં સક્રિય વિવિધ સ્વયંસેવી સંસ્થાઓને સામેલ કરી જનભાગીદારીને વધુ અસરકારક બનાવી શકાય છે તેવો સ્પષ્ટ મત તેમણે વ્યક્ત કર્યો હતો. આથી કોઈ પણ સંસ્થા, એસોસિએશન જળસંચયની કામગીરી કરવા ઈચ્છતા હોય તો તેમને વર્ક ઓડર આપવાની પ્રક્રિયા ઝડપી બનાવી ગણતરીના સમયમાં મંજૂરી આપવામાં આવે તેવી તાકીદ પણ કરી હતી. તમામ અધિકારીઓએ કલેકટરશ્રી સાથે સંકલનમાં રહી કામગીરી કરવા અને તળાવના બાકી કામો વહેલી તકે શરૂ કરવા જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી ધવલ પટેલે જણાવ્યું હતું કે, કોઈ પણ સેવાભાવી દાતાઓ જળ અભિયાન અંતર્ગત રોકડમાં સહાય આપવા ઈચ્છતા હોય તેમના માટે બેંક ખાતુ ખોલવામાં આવ્યું છે. જેમાં સહાયની રકમ જમા કરીને રસીદ આપવામાં આવે છે.

કતારગામ, રાંદેર વોટર વર્કસ અને વિયર કમ કોઝવે ખાતે તાપી નદીની સાફસફાઈની કામગીરીમાં ૬૦૦૦ ક્યુબિક મીટર જળકુંભી દૂર કરવામાં આવી હોવાનું અને અગાઉની સફાઈની ઝુંબેશને જોડીને કુલ ૨૫ હજાર ક્યુબિક મીટર કચરો અને જળકુંભી દૂર કરવામાં આવી હોવાની વિગતો એસ.એમ.સી.ના અધિકારીઓએ આપી હતી.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિથી જળ અભિયાનની રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ થઈ છે, ત્યારે માત્ર તળાવો-ચેકડેમો ઉંડા કરવાની કામગીરી સુધી સીમિત ન રહેતાં પ્રજાજનો જળનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની માનસિકતા કેળવે તે પણ જરૂરી હોવાનું તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું. જળ અભિયાનથી રાજ્યને લાંબાગાળાનો ફાયદો થશે એમ જણાવી ગુજરાતના સાડા છ કરોડ લોકો રોજ એક લિટર પાણી બચાવે તો દરરોજ સાડા છ કરોડ લીટર પાણીની બચત થઈ શકે છે, પાણીની કરકસરના આવા નાનકડા પગલાઓ ખૂબ મોટું પરિણામ લાવી શકે છે તેમ ઉમેર્યું હતું.

આ બેઠકમાં મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.કે. પારેખ, અધિક નિવાસી કલેકટરશ્રી સંજય વસાવા, ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર શ્રી કે.એમ.વ્યાસ, નાયબ વન સંરક્ષકશ્રી પુનિત નૈયર, વિવિધ પ્રાંત અધિકારીઓ, મામલતદારશ્રીઓ, પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગના અધિકારીઓ, કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી આઈ.કે.જાડેજાએ બેઠક પૂર્ણ થયા બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા જળ અભિયાન અંતર્ગત વરાછા વારિગૃહ, સરથાણા ખાતે ચાલતા તાપી નદી શુદ્ધિકરણ અભિયાનની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા. શ્રી જાડેજાની સાથે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, ધારાસભ્ય સર્વશ્રી કાંતિ બલર, વિવેક પટેલ, પ્રવિણ ઘોઘારી સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

નાની મોટી સ્વરોજગારી સહિત આર્થિક પ્રવૃત્તિ કરવા માંગતા ઉમેદવારોને તમામ પ્રકારની સહાય-માર્ગદર્શન માટે જિલ્લા પ્રસાશનના વડા તરીકે મારી કચેરીનાં દ્વાર દર સોમવારે ખુલ્લા રહેશે

રાજપીપલા, કેન્દ્રિય નીતિ આયોગ દ્વારા નર્મદા જિલ્લાને એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ-વિકાસની સંભાવનાઓથી ભરપૂર શક્યતાવાળા જિલ્લામાં આયોગના પેરામીટર મુજબ ચોક્કસ ક્ષેત્રોમાં નિર્ધારિત લક્ષ્યાંક સિધ્ધિ માટે ઘડી કઢાયેલા જિલ્લાના એક્શન પ્લાન અમલીકરણ અંતર્ગત આજે રાજપીપલામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે ઔદ્યોગિક વિકાસ માટેની કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભ માટે વ્યાપક લોકજાગૃત્તિ કેળવાય તે હેતુથી યોજાયેલા સેમિનારને જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાએ દિપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મૂક્યો હતો.

એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ-નર્મદા અંતર્ગત સ્જીરઈ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, નર્મદા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારના મુખ્ય મહેમાનપદેથી સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં માઈક્રો, લઘુ અને મધ્યમકદના ઉદ્યોગોની સ્થાપના માટેની પણ ઘણી વિશાળ અને ઉજળી તકો રહેલી છે, ત્યારે જિલ્લામાં રોજગારી મેળવવાની સાથે અન્ય જરૂરિયાતમંદોને પણ નાની મોટી સ્વરોજગારી પૂરી પાડવાની સાથે આર્થિક પ્રવૃત્તિ કરવા માંગતા ઉમેદવારોને તમામ પ્રકારની સહાય અને માર્ગદર્શન માટે જિલ્લા પ્રશાસનના વડા તરીકે દર સોમવારે તેમની કચેરીના દ્વાર હંમેશ ખૂલ્લા રહેશે. કોઈપણ પ્રકારના રોજગાર-વ્યવસાય વિનાની ૨૦૦ વ્યક્તિઓ જો આર્થિક ઉપાર્જન કરતી થાય ત્યારે જ આજનો આ સેમિનાર સાર્થક થયો ગણાશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાએ વધુમાં આર્થિક પ્રવૃત્તિમાં ખેતી, ઉદ્યોગ અને જુદા જુદા પ્રકારની સેવાઓ સહિતના તેના ત્રણ પ્રકારો પૈકી જિલ્લામાં ઉદ્યોગ અને જુદી જુદી સેવાઓ ઉપલબ્ધ બનાવવાની દિશાના વિશેષ પ્રયાસો ઉપર ભાર મુકતાં જણાવ્યું હતું કે, અમુક કામ અમુક ચોક્કસ વ્યક્તિ જ કરી શકે તેવી ખોટી માન્યતાઓ અને ભ્રમને ભાંગીને દરેક વ્યક્તિ કોઈપણ કામ કરી શકે છે, તેવા સંકલ્પ સાથે રોજગારી મેળવવા ઈચ્છતી વ્યક્તિઓએ મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાનું ઘર-કુટુંબ છોડવું પડશે. તેમણે જિલ્લામાં જુદા જુદા એસોસીએશન સાથે બેઠક યોજીને આ દિશામાં આગળ વધવાનો દિશા નિર્દેશ આપ્યો હતો. જિલ્લામાં કેળના ઉત્પાદનમાંથી ફાયબર યાર્ન બનાવવાના યુનિટને પ્રોત્સાહન પુરી પાડવાની સાથે ફાયબર યાર્નને પૂરતુ અને યોગ્ય માર્કેટ મળી રહે તે દિશાના પ્રયાસોની પણ તેમણે જાણકારી આપી હતી.

MSME-ID ના ડાયરેક્ટરશ્રી કમલસિંગે તેમના પ્રસંગોચિત ઉદબોધનમાં જણાવ્યું હતું કે, એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ તરીકે આ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સંપૂર્ણ રીતે મદદરૂપ થવાની સાથે નવા ઉદ્યોગ માટે મુદ્રા તથા PMEGP યોજના દ્વારા નાણાંકીય સુવિધાઓની ઉપલબ્ધિ માટે તેમની સંસ્થા સહાયરૂપ બનશે.

AICOSMIA ના પ્રમુખશ્રી અજોય ભટ્ટાચાર્યે તેમના વક્તવ્યમાં પોતાના ગારમેન્ટના ઉદ્યોગ અંગેની વિસ્તૃત અને આંકડાકીય જાણકારી આપવાની સાથે નર્મદા જિલ્લામાં તેની બ્રાન્ચ શરૂ કરવાની તૈયારી દર્શાવી હતી અને આ સેમિનારમાં ઉપસ્થિત લાભાર્થીઓના ડેટાબેઝના આધારે નાના નાના ગૃપ બનાવીને તેમને ચોક્કસ સમયાવધિમાં કઈ રીતે સેટલ કરી શકાય તે અંગેની ગોષ્ઠિનું આહવાન કર્યું હતું, તેમની સંસ્થા દ્વારા તમામ પ્રકારની સહાયતા સાથે જરૂરિયાતમંદ લોકોને સેટલ કરવાની જવાબદેહીનો પણ તેમણે સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગે MSME-DI ના મદદનીશ નિયામકશ્રી પી.એન. સોલંકીએ જણાવ્યું હતું કે, જિલ્લાના બેરોજગાર ઉમેદવારો માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બેન્કોના માધ્યમથી લોન મેળાનું આયોજન કરાશે.

ટ્રેનમાં બેસવા-ઉતરવા જતા હાદસાની સ્થિતીમાં વળતર

નવી દિલ્હી, હવે ટ્રેનમાં બેસવા જતા અથવા તો ઉતરવા જતા ઘાયલ થઈ જવાની સ્થિતમાં રેલવે દ્વારા વળતર આપવામાં આવશે. રેલવેને સુપ્રીમ કોર્ટ દ્વારા આ મુજબનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ તારણ આપતા કહ્યુ છે કે ટ્રેનમાંથી ઉતરતી વેળા અથવા તો બેસતી વેળા જો યાત્રીનુ મોત થઈ જાય છે અથવા તો તે ઘાયલ થઈ જાય છે તો તે એક અપ્રિય અને દુખદ ઘટના છે. આવી સ્થિતીમાં યાત્રી વળતર મેળવી લેવાનો અધિકાર ધરાવે છે. આ સ્થિતીને તેની લાપરવાહી તરીકે ગણી શકાય નહી. બીજી બાજુ કોર્ટે એવી સ્પષ્ટતા પણ કરી છે કે માત્ર રેલવે સંકુલમાં કોઈ મૃતદેહ મળે છે અથવા તો ઘાયલ થઈ જાય છે તો તે નિર્ણય થઈ જશે નહી કે ઘાયલ અથવા તો મૃત્યુ પામેલી વ્યક્તિ વળતરના સંબંધમાં વાસ્તવિક અધિકાર ધરાવે છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યુ હતુ કે યાત્રીની પાસે ટિકિટ ન હોવાની સ્થિતીમાં તેને વળતર ન આપવાની બાબત યોગ્ય ગણી શકાય નહી. જસ્ટીસ આદર્શ કુમાર ગોયલ અને જસ્ટીસ રોહિંનટન એફ નરીમનની બેંચ દ્વારા આ અંગેનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. રેલવે એક્ટ ૧૯૮૯ની કલમ ૧૨૪ એ હેઠળ જો કોઈ યાત્રી ટ્રેનમાં આત્મહત્યા કરે છે અથવા તો આત્મહત્યા કરવા માટેના પ્રયાસો કરે છે તો તે યાત્રીની ભુલ ગણાશે અને તેના આ કૃત્યને અપરાધ તરીકે ગણવામાં આવશે. રેલવેના આ એક્ટની સામે દેશની કેટલીક હાઈકોર્ટે એકબીજાની સામે ચુકાદા આપ્યા છે.

દેશના જુદા જુદા રાજ્યોમાં કેટલીક હાઈકોર્ટે આવા યાત્રીઓને પણ વળતર મળે તેવી વાત કરી છે. બીજી બાજુ કેટલીક હાઈકોર્ટે વળતરની માંગને ફગાવી દીધી છે. કેટલીક હાઈકોર્ટે રેલવેની લાપરવાહી તરીકે આને ગણવાનો ઈન્કાર કર્યો છે. ટ્રેનમાં આત્મહત્યા કરવા અથવા તો આત્મહત્યા કરવાના પ્રયાસને અપરાધ તરીકે ગણાવીને તેની ટિકા કરી છે. આ વિવાદ પર પૂર્ણ વિરામ મુકીને સુપ્રીમ કોર્ટે આવા યાત્રીઓને પણ વળતરનો અધિકાર છે તેવી વાત કરી છે.

મધર્સ ડે પર ઝી ટીવીના કલાકારોની રાય

કરણ જોટવાની જે ઝી ટીવી ના આપકે આ જાને સે માં સાહિલનું પાત્ર ભજવે છે તે જણાવે છે કે

મારે મારી માતા માટે પ્રેમ દર્શાવવા માટે કોઈ ખાસ દિવસની જરૂર નથી. મારા માટે, દરેક દિવસ મર્ધસ ડે છે. હું મારી માતાનો જે તેને આટલા વર્ષોમાં મારા માટે કર્યું છે તેના માટે પુરતો આભાર નથી માની શકતો. જ્યારે હું સ્કુલમાં હતો, મારી માતા મને કવિતાઓ શીખવાળતી હતી અને તેને મને મદદ કરી અને હું આજે એના લીધે એક એક્સપ્રેસીવ કલાકાર બની શક્યો. માતાનો પ્રેમ એક દમ શુદ્ધ હોય છે, કારણ કે તેમાં કોઈ શરત હોતી નથી. આપણે તેની ઉજવણી દરરોજ, દર ક્ષણે કરવી જોઈએ, અને આપણે તેને જણાવવું જોઈએ કે કેટલો પ્રેમ કરીયે છે.

ઈશા સીંઘ જે ઝી ટીવીના ઈશ્ક સુભાન અલ્લાહ માં ઝારાનું પાત્ર ભજવે છે તે જણાવે છે કે મારા માટે, દરેક દિવસ મધર્સ ડે છે. મેં હાલ કોઈ આયોજન કર્યું નથી. હું મારી માતા સાથે ગુણવત્તાભર્યો સમય વિતાવવા ઈચ્છું છું અને મોડી રાતે તેની સાથે ડ્રાઈવ પર જવા ઈચ્છું છું. એવા ઘણાં લોકો છે જેને એક નહીં તો બીજી રીતે મારા જીવનમાં બદલાવ લાવ્યો છે. પરંતું, એક વ્યક્તિ એ જે મારા માટે કર્યું છે તે કોઈ ના કરી શકે તે છે મારી માં. એમાં કોઈ શંકા નથી કે ઘણી બધી માતાઓ ખુબ જ સારી છે અને તેઓ પણ એટલી જ મહત્વની છે જેમને તેઓ ચાહે છે અને તેની ચિંતા કરે છે. અને મારી માતા મારા માટે મારી દુનિયા છે. હું નથી જણાવી શકતી કે તે કેટલી મહત્વની છે અને હું એને મારા જીવનમાં મેળવી કેટલી ભાગ્યશાળી અનુભવું છું. હું આ તકને બધી જ માતાઓને હેપી મધર્સ ડેની શુભેચ્છા પાઠવું છું. (૧૯-૮)

સીજીપીએલએ 'પ્રોજેક્ટ આરોગ્ય' મારફતે હેલ્થકેર સેવા પ્રદાન કરી

અમદાવાદ અને મુન્દ્રા, ટાટા પાવરે પોતાની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) તેની કામગીરીનાં ક્ષેત્રોમાં અને તેની આસપાસ વસતાં સમુદાયોનાં જીવનની ગુણવત્તા સુધારવા અને સામાજિક સુખાકારી વધારવા સતત કાર્યરત છે. સીજીપીએલએ આ કટિબદ્ધતાને અનુસરીને મુન્દ્રા અને માંડવી તાલુકાઓનાં ગામડાઓમાં તબીબી સુવિધાઓ અને અન્ય સ્વાસ્થ્યલક્ષી માળખાગત સુવિધાઓની નબળી સ્થિતિને સુધારવા 'પ્રોજેક્ટ આરોગ્ય' નામની પહેલ શરૂ કરી છે.

દાયકા અગાઉ આ વિસ્તારોમાં લોકોને તેમનાં જીવનની ગુણવત્તા સાથે સમાધાન કરીને તબીબી સુવિધાઓનો લાભ લેવા લાંબા અંતર સુધી મુસાફરી કરવી પડતી હતી. સીજીપીએલનો 'પ્રોજેક્ટ આરોગ્ય' શરૂ કરવા પાછળનો ઉદ્દેશ પ્લાન્ટની આસપાસ વસતાં ગ્રામીણ સમુદાયોને પડતી હેલ્થકેરની આ સમસ્યાનું સમાધાન કરવાનો હતો. સીજીપીએલએ વર્ષ ૨૦૧૬-૧૭માં માછીમાર સમુદાયને આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડવાનાં ભાગરૂપે મોબાઈલ હેલ્થ યુનિટ (એમએચયુ) મારફતે પ્રાથમિક હેલ્થકેર સુવિધા ઊભી કરી હતી.

એમએચયુ ૧૬ ગામડાઓમાં કામ કરે છે અને અત્યાર સુધી કફ, તાવ, સાધારણ નબળાઈ, એલર્જી, ત્વચાનાં રોગો, સાંધાનો દુઃખાવો, ડાયાબીટિસ વગેરે જેવા વિવિધ મુખ્ય રોગો માટે ૧૮,૫૩૪ વ્યક્તિઓની સારવાર અને તેનું નિદાન કર્યું છે. ઉપરાંત પ્રોજેક્ટ અંતર્ગત ૬,૫૨૬ નવા દર્દીઓને સેવા પૂરી પાડવામાં આવી છે. વળી આ પ્રોજેક્ટમાં ગામડાઓની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ચેક-અપ અને તબીબી સારસંભાળ પ્રદાન કરવામાં આવે છે. વિશેષ ગાઈને કોલોજિકલ અને ઓર્થોપેડિક હેલ્થ કેમ્પમાં ૫૦થી વધારે વ્યક્તિઓ તપાસ અને સારવાર કરે છે, જેનો આશય સ્વાસ્થ્ય સંબંધિત સ્થિતિની વહેલાસર ઓળખ કરવી અને તેનું નિદાન કરવાનો છે. (૧)

ગરૂડેશ્વર તાલુકાના ઉંડવા ગામે ચેકડેમ ડિસીલ્ટીંગની કામગીરી એકાદ દિવસમાં પૂર્ણ થવાની સાથે તળાવ ઉંડુ કરવાનું કામ પણ આગામી ચારેક દિવસમાં પૂર્ણ થવાની આરે

રાજપીપલા, સમગ્ર ગુજરાતમાં રાજ્ય સ્થાપના દિનથી સુજલામ-સુફલામ યોજના હેઠળ પ્રારંભાયેલુ રાજ્યવ્યાપી જળસંચય અભિયાન જિલ્લામાં ક્રમશઃ આગળ ધપી રહ્યું છે. નર્મદા જિલ્લામાં પણ શરૂ કરાયેલા જળયજ્ઞમાં સાંજરોલી, મોસ્કુવા, મોટા લીમટવાડા, લાડવા ગામોએ તળાવ ઉંડા કરવાની કામગીરી પૂર્ણ થવાની સાથે ખામપાડા તથા જુનવડ ગામોએ પણ ચેકડેમ ડિસીલ્ટીગની કામગીરી પૂર્ણ થઈ છે. આ કામો પૂર્ણ થવાને લીધે જે તે વિસ્તારમાં જળસંચય થયેથી લીધે પાણીના સ્તર હવે ઉંચા આવશે, જેનો સીધો લાભ જે તે ગામના ગ્રામજનોને થશે.

નર્મદા જિલ્લામાં પ્રજાની જનભાગીદારી-લોકસહયોગથી જળસંચય અભિયાનની થઈ રહેલી આગેકૂચમાં પ્રજાજનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ તેમના સહયોગ થકી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યાં છે. ગરૂડેશ્વર તાલુકાના ઉંડવા ગામે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગા કાર્યક્રમ હેઠળ અંદાજે રૂા.૧.૨૫ લાખના ખર્ચે ચેકડેમ ડિસીલ્ટીંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જે એકાદ દિવસમાં પૂર્ણ થવાની સંભાવના છે. અહી ૪૩ જેટલા શ્રમિકો તેમના શ્રમદાન થકી પોતાના જ ઘરઆંગણે રોજગારી મેળવીને જળસંચયના આ મહાયજ્ઞમાં તેમની આહુતિ આપી રહ્યાં છે.

ઉંડવા ખાતે ચેકડેમ ડિસીલ્ટીગની ચાલી રહેલી કામગીરીના સ્થળે ગરૂડેશ્વરના એ.પી.ઓ. શ્રી સંકેતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ચોમાસાના પાણીથી જમીનના થયેલા ધોવાણને લીધે છેલ્લા ચાર-પાંચ વર્ષથી આ ચેકડેમમાં થયેલા પાણીના ભરાવાનો નિકાલ કરીને પાણીના સ્તર ઉંચા આવે તેવા આશયથી આ કામનો નરેગા દ્વારા સૌ પ્રથમ સમાવેશ કરીને જળસંચય અભિયાનમાં આ કામ હાથ ધરાયું છે.

શ્રી સંકેતભાઈ વસાવા વધુમાં ઉમેરે છે કે, અહીના ચેકડેમ ડીસીલ્ટીગની કામગીરીમાં ૯૨૫ ઘનમીટર વિસ્તાર આવરી લેવાયો છે. આગામી એકાદ દિવસમાં આ કામગીરી પૂર્ણ થયેથી ૧૦૨૦ માનવદિન રોજગારી ઉત્પન્ન થશે અને અંદાજે રૂા.૧.૨૫ લાખની રોજગારી પુરી પડાશે. નદીની લંબાઈમાં વ્હેણ ધીરૂં પડતું હોય ત્યાંથી ડીસીલ્ટીગના કારણે ચાલુ વર્ષે ૧૦૦ મીટર જેટલો પાણીનો સંગ્રહ થવાની સંભાવના છે. ખેડૂતોને, આજુબાજુના કુવા-બોરના પાણીના સ્તર લાંબાગાળા સુધી ઉંચા રહેશે. પિયતમાં સગવડ મળવાથી વર્ષાઋતુ સિવાય શિયાળા—ઉનાળાની ઋતુમાં પણ પશુધનને પણ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે અને આ કામને લીધે બે વર્ષ સુધી ઉક્ત લાભો મળવાથી આ કામ ગ્રામજનો માટે આશિર્વાદરૂપ બની રહેશે.

ટેકનીકલ આસિસ્ટન્ટ અને ઈન્ચાર્જ વર્કસ મેનેજરશ્રી મીથુનભાઈ વસાવાએ પણ ઉંડવા ગામે ચાલી રહેલી ઉક્ત ડીસીલ્ટીગની કામગીરી સંદર્ભે જરૂરી ટેકનીકલ જાણકારી સાથેની માહિતી પણ પુરી પાડી હતી.

ઉંડવા ગામે ચેકડેમ ડિસીલ્ટીગની કામગીરી ઉપરાંત હયાત ગામ તળાવને (સાંકળ ફળીયુ) પણ ઉંડુ કરવાની ગત તા. ૨ જી મેથી ચાલી રહેલી કામગીરી આગામી ચારેક દિવસમાં પૂર્ણ થશે, આ કામના સ્થળ ઉંડવા ગામના માજી સરપંચશ્રી તડવી કિશોરભાઈ કાશીરામભાઈ જણાવે છે કે, હાલમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબની સુજલામ-સુફલામ યોજનામાંથી તળાવો અને ચેકડેમ ઉંડા કરવાના જે કામો ચાલી રહ્યાં છે, તેવા બે કામો મારા ગામમાં ચાલી રહ્યાં છે. એક તળાવ ઉંડુ કરવાનું અને બીજુ ચેકડેમ ઉંડો કરવાનું કામ ચાલે છે. એનાથી અમારા ગામને અને આજુબાજુના ખેડૂતોને ઘણો એવો ફાયદો થશે. હાલ અમારા ગામમાં એપ્રિલ-મે મહિનામાં પાણીના સ્તર નીચા જાય છે. આ તળાવ અને ચેકડેમમાં પાણી ભરાવાથી હેન્ડપંપના પાણીના તળ ઉંચા આવશે. ગામમાં ખેડૂતોના ખેતરમાં કુવા છે એના પાણીના તળ ઉંચા આવશે અને આ તળાવ બનવાથી - ચેકડેમ ઉંડા થવાથી આખા ગામને તેમજ ખેડૂતોને ઘણો ફાયદો થશે. જેથી કરીને ખેડૂતો પોતે પગભર થશે. હાલમાં પીવાના પાણીની તકલીફ તો નથી જ પણ તળાવ—ચેકડેમ ઉંડા થવાથી બીજો ફાયદો એ થશે કે ખેડૂતોને ખેતી માટે પાણી મળી રહેશે અને ન્હાવા-ધોવા માટે તળાવ બનવાથી સારી એવી સુવિધા મળી રહેશે.

આ ગામના શ્રમિક લાભાર્થી શ્રી જેસલભાઈ માણેકભાઈ જણાવે છે કે, અહી અમે ચેકડેમનું કામ કરીએ છીએ. આ ચેકડેમ સુકી ખાડીની બાજુમાં આવેલો છે અને આ કામ કરવાથી અમારા ગામની અંદર પાણીનું તળ ઉંચુ આવશે. આજુબાજુની જમીનવાળા ભાઈઓને પિયત કરવા માટે પણ પાણી મળશે તેથી અમને ઘણો ખરો ફાયદો થશે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારની જે આ યોજના છે, તેવી યોજના અમને દર વર્ષે મળે તેવી લાગણી સાથે અમે સરકારનાં આભારી છે અને બીજી એક વાત અમારા જેવા ગરીબ આદિવાસીઓને સારૂં કામ મળતું રહેશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી.

પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડ
(CIN : L24110GJ1993PLC020102)
રજીસ્ટર્ડ ઓફીસ : બ્લોક એચ, પ્લોટ-૩ તથા ૪, નવા કંડલા- ૩૭૦ ૨૩૦, કચ્છ

બોર્ડ મિટીંગ અને ટ્રેડિંગ વિન્ડો ક્લોઝરની નોટિસ

આથી નોટીસ આપવામાં આવે છે કે સિક્યોરિટીસ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા(લિસ્ટીંગ ઓબલીગેશનસ એન્ડ ડિસ્કલોઝર રીકવ્યારમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ના રેગ્યુલેશન ૩૩ મુજબ ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ પુરા થતા ક્વાર્ટર અને વર્ષના અંતે ઓડીટ કમીટી વતી સમીક્ષા કરેલ ઓડીટેડ ફાઈનાન્સિયલ રિઝલ્ટ્સ મંજૂર કરવા અને તેની નોંધ કરવા ૨૫મી મે, ૨૦૧૮, શુક્રવારના રોજ એ-૫૦૩, ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે બોર્ડ ઓફ ડાયરેકટરોની સભા મળનાર છે.

આ સંદર્ભમાં વધુ માહિતી માટે કંપનીની વેબસાઈટ http://www.parkeragrochem.com અને સ્ટોક એક્સચેંજની વેબસાઈટ http://www.bseindia.com નો પણ ઉપયોગ લઈ શકાય છે.

ઉપરોક્ત હેતુ માટે તા. ૧૪મી મે,૨૦૧૮ થી તા.૨૭ મી મે,૨૦૧૮ (બન્ને દિવસો સાથે) પાર્કર એગ્રો-કેમ એક્ષપોર્ટસ લિમિટેડના શેરોમાં ડિલીંગ માટે ટ્રેડિંગ વિન્ડો બંધ રહેશે.

બોર્ડના હુકમથી
પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડ વતી
એસડી/-
જગદીશ આર આચાર્ય
(ડીન નં. ૦૧૨૫૧૨૪૦)
ચેરપર્સન એન્ડ મેનેજીંગ ડિરેક્ટર

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૧મી મે, ૨૦૧૮

ASHISH POLYPLAST LIMITED
CIN:L17110GJ1994PLC021391
Regd.Off: A-305,Samudra Complex
Nr.Hotel Klassic Gold,Off C.G.Road
Ahmedabad-380006
Phone No.(O) 26445495,26445090 Tele-Fax 079-26426758
Email: ashishpolyplast@gmail.com
Website:www.ashishpolyplat.com

NOTICE

Notice is hereby Given pursuant to Regulation 47(1)(a) that in terms of Regulation No. 29(1)(A) read with Regulation No. 33(3)(d) of SEBI (Listing Obligations and Disclosure) Regulations 2015, that a Meeting of the Board of Directors of ASHISH POLYPLAST LIMITED is scheduled to be held on the Thursday the 24th May, 2018 at 05.30 P.M. (IST) at the Registered Office of the Company to consider, review and taken on record the Audited Financial Results of the Company for the Fourth Quarter and year ended on 31st March 2018.

The Trading windows on the exchange will remain closed for all the Directors, Key Managerial Persons and their Relatives, Promoters and their Relatives **from 19th May, 2018 to 26th May 2018 (Both days inclusive)** as per SEBI (Prohibition of Insider Trading) Regulations.

for **ASHISH POLYPLAST LIMITED,**
Ashish D Panchal
Managing Director
Din No: 00598209

Date: 11th May,2018
Place: AHMEDABAD

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.